# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-09-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

------------------------------------------------------------------

--

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AMBAJI MELO

શક્તિપીઠ અને પવિત્ર યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમ મહામેળાનો આજથી પ્રારંભ થયો. જિલ્લા કલેકટર મિહિર પટેલે માઁ અંબાના રથનું પૂજન અર્ચન કરી, રથને ખેંચી મેળાની શરૂઆત કરાવી. આ સાથે જ બોલ માડી અંબે જય જય અંબેના નાદ સાથે અરવલ્લી ગિરિમાળાઓ ગૂંજી ઊઠી ઠે. કલેકટરશ્રીએ લાખો માઇભક્તોને મેળામાં આવકારતાં મા અંબા તેમની મનોકામના પૂર્ણ કરે અને મેળો નિર્વિઘ્ને પૂર્ણ થાય એવી પ્રાર્થના કરી હતી.

(બાઇટ : મિહિર પટેલ, કલેક્ટર )

મેળાના પ્રથમ દિવસથી વિવિધ સેવા કેમ્પ પણ શરૂ કરાયા છે ત્યારે કલેકટરશ્રીએ બાળ સહાયતા કેન્દ્ર, મુખ્ય કંટ્રોલ રૂમ વગેરે સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું.

. . . . . . . . . . .

# ARAVALLI VISAMO

અરવલ્લીમાંથી પસાર થતાં અંબાજી જતા પદયાત્રીઓ માટે જિલ્લા પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી - આરટીઓ દ્વારા વિસામો શરૂ કરાયો છે, જેમાં નાસ્તો સહિત દવાઓ ઉપલબ્ધ કરવામાં આવી રહી છે આ સાથે ટ્રાફિકના

નિયમોનું પાલન થાય તે માટે પણ જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવી રહ્યું હોવાનું નાયબ પોલીસ અધિક્ષક રણજીતસિંહ ડાભીએ જણાવ્યુ હતું.

(બાઇટ : રણજીતસિંહ ડાભી, Dy.SP)

. . . . . . . . . . .

# AMBAJI HELPDESK

અંબાજી ભાદરવી પૂનમ મહામેળામાં આવતાં પદયાત્રીઓની સુવિધા માટે મુખ્ય કંટ્રોલ પોઈન્ટ અંબાજી ખાતે હેલ્પ ડેસ્ક શરૂ કરાયું છે. જેમાં પદયાત્રીઓને કોઈપણ મુશ્કેલી જણાય તો 02749-262040, 262041, 262042, 262043, 262044, 202045, 262046, 262047, 262048, 262049, 262050 પર સંપર્ક કરી શકે છે.

. . . . . . . . . . .

# NIMUBEN BAMBHANIYA

કેન્દ્રીય રાજ્યમંત્ર નિમુબેન બાંભણિયાએ આજે ભાવનગરના સિહોર તાલુકામાં અંદાજે 30 લાખ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું. સંસદસભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના- M.P.L.A.D.S. અને વિવિધ વિકાસલક્ષી યોજનાઓ હેઠળ તાલુકાના સોનગઢ ગામના જાહેર આરોગ્ય કેન્દ્ર—P.H.C.માં એમ્બુલેન્સ, ટોડી ગામમાં સાર્વજનિક સભાખંડ અને પીપળિયા ગામમાં આંબેડકર ભવનનું લોકાર્પણ કરાયું.

. . . . . . . . . . .

# MEHSANA COW

મહેસાણા જિલ્લાના કડી તાલુકાના થોળ ગામના પાંજરાપોળમાં 20 ગાયોના મોત થયા છે. અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે કે, પાંજરાપોળમાં અચાનક 20 ગાયોની ઘટનાને લઈ પશુ ચિકિત્સક અને પોલીસને જાણ કરાતા વધુ તપાસ હાથ ધરાઇ છે. જોકે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ ગાયોના મોતનું કારણ જાણી શકાશે.

. . . . . . . . . . .

# MEHSANA REST HOUSE

મહેસાણાના વિસનગર માર્કેટયાર્ડમાં સાડા ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે રાજ્યનું પ્રથમ 48 ઓરડાનું કિસાન વિશ્રામ ગૃહ બનાવાયું છે. 4 હજાર ચોરસ ફૂટમાં બનાવાયેલા આ ત્રણ માળના વિશ્રામ ગૃહમાં 6 ઓરડા ખેડૂતો માટે 7 ઓરડા સફાઈ કર્મચારીઓ માટે ફાળવાયા છે. જ્યારે એક માળ રાજસ્થાન અને બીજો માળ બિહારના શ્રમિકો માટે હશે.

. . . . . . . . . . .

# MEHSANA REST HOUSE

મહેસાણાના વિસનગર માર્કેટયાર્ડમાં સાડા ત્રણ કરોડ રૂપિયાના ખર્ચે રાજ્યનું પ્રથમ 48 ઓરડાનું કિસાન વિશ્રામ ગૃહ બનાવાયું છે. 4 હજાર ચોરસ ફૂટમાં બનાવાયેલા આ ત્રણ માળના વિશ્રામ ગૃહમાં 6 ઓરડા ખેડૂતો માટે 7 ઓરડા સફાઈ કર્મચારીઓ માટે ફાળવાયા છે. જ્યારે એક માળ રાજસ્થાન અને બીજો માળ બિહારના શ્રમિકો માટે હશે.

. . . . . . . . . . .

# WEATHER FORECAST

હવામાન ખાતાએ આગામી પાંચ સપ્ટેમ્બર સુધી રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. ત્યારે આજે સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળ પર ભારે વરસાદની સંભાવના છે. માછીમારોને પણ ચાર સપ્ટેમ્બર સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

દરમિયાન રાજ્યમાં આજે વરસાદનું જોર ઘટતાં બપોરે 12 વાગ્યા સુધીમાં 43 તાલુકામાં વરસાદ થયો. સૌથી વધુ સવા એક ઇંચ જેટલો વરસાદ દાહોદના ઝાલોદ તાલુકામાં થયાના અહેવાલ છે. આ સાથે રાજ્યમાં અત્યાર સુધી મોસમનો કુલ સરેરાશ 91 ટકા જેટલો વરસાદ થયો. તેમાંથી સૌથી વધુ 95 ટકા જેટલો વરસાદ દક્ષિણ ગુજરાતમાં વરસ્યો છે.

રાજ્યમાં વરસાદને લઈ ઓગણએંસી બંધ 100 ટકા ભરાયા. જ્યારે 108 બંધ હાઈ અલર્ટ અને 28 બંધ અલર્ટ પર રખાયા છે. બીજી તરફ, ચાર રાજ્ય ધોરીમાર્ગ સહિત રાજ્યના કુલ 143 માર્ગ વાહનવ્યવહાર માટે બંધ છે.

. . . . . . . . . . .

# BHAVNAGAR TRAIN RAD

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાંથી પસાર થતી શહીદ કૅપ્ટન તુષાર મહાજન જન્મભૂમિ—ભાવનગર ટર્મિનસ એક્સપ્રેસ ટ્રૅન આજે સંપૂર્ણપણે રદ રહેશે. પરિચાલન કારણોસર ટ્રૅન રદ કરવામાં આવી હોવાનું વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક અતુલકુમાર ત્રિપાઠીએ જણાવ્યું.

. . . . . . . . . . .